# <u>ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર</u>

## જાહેરાત ક્રમાંક-૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)

# <u>ઉમેદવારો માટેની અગત્યની સુચના</u>

જાહેરાત ક્રમાંક-૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) ની સ્પર્ધાત્મક પરીક્ષા તા. ૦૭-૦૫-૨૦૨૩ના રોજ મંડળ ધ્વારા યોજાનાર છે.

૨. ઉપરોક્ત જાહેરાત અન્વયે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા વધારે હોઇ તેમજ સામાન્ય રીતે પરીક્ષામાં ઉમેદવારોની ગેરહાજરીનું પ્રમાણ મોટુ રહેતુ હોઇ જે ઉમેદવારો પરીક્ષા આપવા ઇચ્છતા ન હોઇ તેવા ઉમેદવારોને બાદ કરી બાકી રહેતા ઉમેદવારો માટે પરીક્ષા યોજવાથી રાજય સરકારશ્રીના સંશાધનોનો બીનજરૂરી વ્યય બચાવી શકાય તે હેતુથી ઉપરોક્ત જાહેરાત અન્વયે તા. ૦૭-૦૫-૨૦૨૩ના રોજ યોજાનાર પરીક્ષા માટે પરીક્ષા આપવા માટેની સંમતિ ફોર્મ ઉમેદવારો પાસેથી મેળવવાની જાહેરાત મંડળ ધ્વારા તા.૧૩/૦૪/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ છે. આ સંમતિ અંગેનું ફોર્મ ઓજસ વેબસાઇટ http://ojas.gujarat.gov.in ઉપર તારીખઃ ૨૦-૦૪-૨૦૨૩ના રોજ સવારે ૧૧-૦૦ કલાક સુધી ઉમેદવાર ભરી શકશે. ત્યારબાદ કોઇપણ ઉમેદવાર પરીક્ષા આપવાનું સંમતિ ફોર્મ ભરી શકશે નહીં. જે ઉમેદવારો ઉપરોક્ત ઓનલાઇન સંમતિ ફોર્મ નિયત તારીખ-સમય સુધીમાં ભરશે નહીં, તેવા ઉમેદવાર તા. ૦૭-૦૫-૨૦૨૩ની પરીક્ષા માટેના પોતાના કોલ લેટર ડાઉનલોડ કરી શકશે નહીં અને પરીક્ષા આપી શકશે નહીં, તેની નોંધ લેવા સર્વે ઉમેદવારોને જણાવવામાં આવે છે.

૩. આથી ઉમેદવારોને પુનઃ સુચિત કરવામાં આવે છે કે, જે ઉમેદવારો તા. ૦૭-૦૫-૨૦૨૩ના રોજ યોજાનાર તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારોને ઝડપથી તા.૨૦-૦૪-૨૦૨૩ના સવારે ૧૧-૦૦ વાગ્યા સુધીમાં ઓજસ વેબસાઇટ ઉપર પોતાનું ઓનલાઇન સંમતિ ફોર્મ ભરી દેવા જણાવવામાં આવે છે.

૪. વધુ વિગતો માટે મંડળની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ તા. ૧૩-૦૪-૨૦૨૩ની <u>" ઉમેદવારો માટેની અગત્યની સુચના "</u> જોવા વિનંતી છે. વધુમાં આ અંગેની રોજબરોજની જાણકારી માટે દરરોજ મંડળની વેબસાઇટ જોતા રહેવા સર્વે ઉમેદવારોને વિનંતી કરવામાં આવે છે.

"મંડળના આદેશાનુસાર"

તા.૧૭/૦૪/૨૦૨૩ સચિવ